BAOU Education for all
# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી, અમદાવાદ-382 481.
Website : www.baou.edu.in

નં.બાઆંઓયુ/રજી/વહી/213/2020 તા.06/06/2020

## COVID-19 કોરોના વાઈરસની મહામારીની તકેદારીના ભાગરૂપ જાહેરનામું

### ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પરિસર, સંલગ્ન અભ્યાસ કેન્દ્રો, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, મુલાકાતીઓ માટે અગત્યની સૂચનાઓ

શ્રીમાન,

જય ભારત સહ COVID-19 નોવેલ કોરોના વાઈરસની મહામારીની તકેદારીના ભાગરૂપે રાજ્ય સરકાર-ગૃહ વિભાગ દ્વારા બહાર પાડેલ જાહેરનામું (અનલોક-1) ક્રમાંક જીજી/88/2020/વિ-1/કઅવ/102020/482, તા.30/05/2020 અન્વયે અને સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક પરચ-102020-501-ટ, તા.01/06/2020 અન્વયે જાહેર જનતા તથા યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, યુનિવર્સિટીનો, વિદ્યાર્થીઓ, સંલગ્ન અભ્યાસકેન્દ્રોના કર્મચારીશ્રીઓ તથા યુનિવર્સિટી કાર્યાલય/ભવનોની મુલાકાત માટે આવતા વ્યક્તિઓએ તા.01/06/2020 થી તા.30/06/2020 સુધી નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

<u>ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા કોરોના વાઈરસની મહામારીનું સંક્રમણ નિયંત્રણમાં લાવવા લેવાના થતા નિવારાત્મક પગલાઓનો હેતુ જાહેર હિતમાં ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.</u>

1. ગુજરાત સરકાર આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેતા વિદ્યાર્થીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, સંસ્થાઓને રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ફરજિયાતપણે પાલન કરવાનું રહેશે.
2. યુનિવર્સિટી પરિસરમાં ફેસ-માસ્ક વગર પ્રવેશ મળી શકશે નહિ.
3. યુનિવર્સિટીમાં કાર્યરત તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓએ યુનિવર્સિટીના નિયત સમય દરમિયાન સવારે 10:30 થી સાંજના 06:10 સુધી ફરજિયાત હાજર રહેવાનું રહેશે.
4. યુનિવર્સિટી પરિસરમાં પ્રવેશ કરતી વખતે જરૂરી તબીબી નીરીક્ષણ/સેનેટાઈઝની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. યુનિવર્સિટી પરિસરમાં કાર્ય કરતા અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓએ કામના સ્થળે બેઠક વચ્ચે ઓછામાં ઓછું 6 ફૂટનું અતર રાખવાનું રહેશે.

5. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જુદા જુદા સેમેસ્ટરની પરિક્ષા સંદર્ભે યુનિવર્સિટી દ્વારા પરીક્ષા અંગેની જાહેરાત યુનિવર્સિટીની વેબસાઈટ (www.baou.edu.in) પર ત્વરિત કરવામાં આવશે.
6. યુનિવર્સિટી સંલગ્ન અભ્યાસકેન્દ્રોના કર્મચારીશ્રીઓ દ્વારા સંસ્થાના કર્મચારીશ્રીઓ, વિદ્યાર્થીઓને અનુલક્ષીને જાહેરહિતમાં કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવાની તકેદારી રાખવા અંગેની બહાર પાડવામાં આવેલા સુચનો/SOP ની અમલવારી કરવાની રહેશે તથા કોરોના વાઈરસનું સંક્રમણ અટકાવવા સામાજીક અંતર, સેનેટાઈઝેશન, સ્વચ્છતા અંગેની કાળજી રાખવાની રહેશે તથા તે અંગે નોટીસ બોર્ડ ઉપર સુચનાઓ મુકવાની રહેશે.
7. નવા શૈક્ષણિક વર્ષ તથા પ્રવેશ અંગેની તમામ માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પરથી મેળવવાની રહેશે. તે અંગેની તમામ જાણકારી યુનિવર્સિટી દ્વારા વેબસાઈટ પર મુકવામાં આવશે.
8. યુનિવર્સિટી પરિસરમાં કોઈપણ સ્થાને 4 અથવા વધુ વ્યક્તિઓ એક સ્થળે ભેગા મળી બેઠક કરી શકાશે નહિ.
9. યુનિવર્સિટી પરિસરમાં વિદ્યાર્થીઓએ ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે. યુનિવર્સિટી પરિસરમાં ક્યાંય પણ ઉભા રહેવાનું રહેશે નહિ. અભ્યાસક્રમ અંગેની આવશ્યક જાણકારી ઈ-મેલ દ્વારા મેળવવાની રહેશે.
10. યુનિવર્સિટીમાં જુદાં જુદાં ભવનોમાં આવનાર રિસર્ચ-સ્કોલર/વિદ્યાર્થીઓ વચ્ચે યોગ્ય અંતર જળવાય (Social Distance) તેની ભવનોના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓએ એક પરિવારની ભાવના સાથે કાળજી રાખવાની રહેશે.
11. યુનિવર્સિટીના જુદા જુદા ભવનોમાં કોઈપણ સંસ્થા કાર્યક્રમ આયોજિત કરી શકાશે નહિ. યુનિવર્સિટી હોલનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.
12. જુદા જુદા ભવનોમાં કાર્યરત સેવક અને સફાઈ કામદાર ભાઈઓ-બહેનોએ આ વિશિષ્ટ પરિસ્થિતિમાં કાર્યાલય, ભવન સ્વચ્છ રહે તે માટે કાર્યરત થવાનું રહેશે. ગણવેશ તથા માસ્ક ફરજિયાત પહેરવાના રહેશે.
13. રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન મુજબ વખતો વખત બહાર પાડવામાં આવેલ કર્ફ્યુના જાહેરનામાંનું પાલન કરવાનું રહેશે. જે અંગે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓએ વિભાગીય કર્મચારીશ્રીઓને તથા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.
14. COVID-19 ની પરિસ્થિતિના સંદર્ભમાં યુજીસી તેમજ રાજ્ય સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર પરીક્ષાઓ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓને લગતી વિદ્યાર્થીઓની ફરિયાદો/મૂંઝવતા પ્રશ્નોના નિવારણ માટે જરૂરી સહાય પૂરી પાડવા માટેના વિવિધ સેલની વિગતો વેબસાઈટ (http://baou.edu.in/cells) પર મુકેલ છે.

15. આથી પરીક્ષાઓ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓને લગતી વિદ્યાર્થીઓની ફરિયાદો/મૂંઝવતા પ્રશ્નોના નિવારણ માટે જરૂરી સહાય મેળવવા માટે સંબંધિત સેલના ઈ-મેલ આઈડી પર (http://baou.edu.in/contact) ઈ-મેલ કરવાનો રહેશે.
16. ઉપરોક્ત સુચનાઓનું સૌ કોઈએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સુચનાનો અનાદર કરનાર સામે કોરોનાના પ્રવર્તમાન પ્રાવધાનો અન્વયે કડક કાર્યવાહી કરવામાં આવશે.

B. Trivedi

કા.કુલસચિવ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

બિડાણ :- ઉપર મુજબ

નકલ રવાના :-

1) પી.આઈ.શ્રી, સોલા પોલીસ સ્ટેશન, સોલા, અમદાવાદ.
2) યુનિવર્સિટીના તમામ વિભાગો તરફ.
3) પ્રોગ્રામ એનાલીસ્ટશ્રી (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂં).
4) અભ્યાસકેન્દ્ર સંચાલન વિભાગ (કેન્દ્રોને ઈ-મેલથી જાણ કરવા સારૂં).